વિદેશ મંત્રીની ઘાના, કોટ ડી'આઇવરી અને ઇથોપિયાની મુલાકાત (06-10 ઑક્ટોબર, 2026)

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે 06-10 ઑક્ટોબર 2026 દરમિયાન ઘાના, કોટ ડી'આઇવરી અને ઇથોપિયાની સત્તાવાર મુલાકાત લીધી.

ઘાના

2. મુલાકાત દરમિયાન, વિદેશ મંત્રીએ રાષ્ટ્રપતિ જ્હોન ડ્રામાની મહામા સાથે મુલાકાત કરી અને રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને પ્રધાનમંત્રી મોદી તરફથી હાર્દિક શુભેચ્છાઓ પાઠવી. જુલાઇ 2025 માં પ્રધાનમંત્રી મોદીની ઘાનાની ઐતિહાસિક મુલાકાત પછી બંને નેતાઓએ ભારત-ઘાના ભાગીદારીમાં મજબૂત ગતિ વિશે ચર્ચા કરી હતી. વિદેશ મંત્રીએ ઘાનાના વિદેશ મંત્રી સેમુઅલ ઓકુદ્જેટો અબલાકવા સાથે દ્વિપક્ષીય બેઠક યોજી હતી અને વેપાર અને રોકાણ, વિકાસ ભાગીદારી, ફાર્માસ્યુટિકલ્સ, ક્ષમતા નિર્માણ, સંરક્ષણ, ટેકનોલોજી અને લોકોથી લોકોના પરસ્પર સંબંધોમાં સહયોગની સમીક્ષા કરી હતી. તેમણે પશ્ચિમ આફ્રિકા, ઈસીઓડબલ્યૂએએસ, આફ્રિકન યુનિયન, યુએન સુધારા અને ગ્લોબલ સાઉથ માટે સહયોગ પર વિચારોનું આદાન-પ્રદાન કર્યું. વિદેશ મંત્રીએ ગૃહ, શિક્ષણ, મત્સ્યપાલન અને જળયર સંવર્ધન તેમજ પર્યટન, સંસ્કૃતિ અને સર્જનાત્મક કળા વિભાગના મંત્રીઓ સાથે પણ મુલાકાત કરી. વિદેશ મંત્રીએ ભારતીય સમુદાયના સભ્યો અને આઇટીઇસી વિદ્વાનો અને પૂર્વ વિદ્યાર્થીઓ સાથે પણ વાતચીત કરી.

3. સંયુક્ત મીડિયા સંવાદ દરમિયાન, વિદેશમંત્રીએ સંબંધિત યુએન જનરલ એસેમ્બલીના ઠરાવને આગળ વધારવામાં તેની ભૂમિકા સહિત, સાંસ્કૃતિક સંપત્તિના વળતરના ન્યાય અને પુનઃસ્થાપન પર ઘાનાના નેતૃત્વની પ્રશંસા કરી. ઘાનાને ભારતની જી20 અધ્યક્ષતા દરમિયાન જી20 માં આફ્રિકન યુનિયન માટે કાયમી સભ્યપદ મેળવવામાં ભારતની રચનાત્મક ભૂમિકા અને તેના યોગદાનને સ્વીકાર્યું. બંને પક્ષોએ શૈક્ષણિક, વૈજ્ઞાનિક સંશોધન અને ક્ષમતા નિર્માણ સહયોગ અને કૃષિ સંશોધન અને શિક્ષણ પર બે એમઓયુ પર હસ્તાક્ષર કર્યા. વિદેશ મંત્રી અબલાકવાએ 'એક પેડ મા કે નામ' અને 'ટ્રી ફોર લાઇફ' પહેલના સમર્થનમાં વિદેશ મંત્રાલય ખાતે પ્લુમેરિયાનો છોડ વાવ્યો. વિદેશ મંત્રીએ ઘાના ફોરેન સર્વિસ ઇન્સ્ટિટ્યૂટ ખાતે "ભારત, ઘાના અને ગ્લોબલ સાઉથ" વિષય પર સંબોધન કર્યું, ક્વામે ન્ક્રુમાહ મેમોરિયલ પાર્કની મુલાકાત લીધી અને 'ઇન્ટરનેશનલ બિગ કેટ એલાયન્સ' માટે ઘાનાનું સ્વીકૃતિ પત્ર પ્રાપ્ત કર્યું. બંને પક્ષોએ ભવિષ્યના સહયોગ માટે પ્રાથમિકતા ધરાવતા ક્ષેત્રો તરીકે ફાર્માસ્યુટિકલ્સ અને સ્વાસ્થ્ય, ખાણકામ, સંરક્ષણ, રેલવે, ડિજિટલ ટેકનોલોજી, કૃષિ મિકેનાઇઝેશન, મૂલ્યવર્ધન, ઔદ્યોગિકીકરણ અને રોજગાર સર્જનની ઓળખ કરી.

કોટ ડી'આઇવરી

4. તેમની મુલાકાત દરમિયાન, વિદેશ મંત્રીએ રાષ્ટ્રપતિ અલાસાને ઔટારા સાથે મુલાકાત કરી અને રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને પ્રધાનમંત્રી મોદી તરફથી વ્યક્તિગત શુભેચ્છાઓ પાઠવી. મજબૂત, સ્થાયી અને પરસ્પર લાભદાયી ભાગીદારી માટે તેમના દ્રષ્ટિકોણને શેર કરવા બદલ વિદેશ મંત્રીએ રાષ્ટ્રપતિનો આભાર માન્યો. વિદેશ મંત્રીએ નાયબ પ્રધાનમંત્રી અને સંરક્ષણ મંત્રી ટેને બિરાહિમા ઔટારા સાથે મુલાકાત કરી અને સંરક્ષણ તથા સુરક્ષા ક્ષેત્રે વધતી જતી ભાગીદારી અંગે ચર્ચા કરી. વિદેશ મંત્રીએ વિદેશ બાબતો અને આંતરરાષ્ટ્રીય સહકાર રાજ્ય મંત્રી નિયાલે કાબા સાથે દ્વિપક્ષીય બેઠક યોજી હતી, જેમાં દ્વિપક્ષીય સંબંધોના સમગ્ર વ્યાપની તેમજ વેપાર, રોકાણ, કૃષિ અને કૃષિ-પ્રક્રિયા, આરોગ્યસંભાળ અને ફાર્માસ્યુટિકલ્સ, ડિજિટલ ટેકનોલોજી, ઊર્જા, માળખાગત સુવિધાઓ, શિક્ષણ અને ક્ષમતા નિર્માણના ક્ષેત્રોમાં રહેલી તકોની સમીક્ષા કરવામાં આવી હતી. બંને પક્ષોએ નોંધ્યું હતું કે દ્વિપક્ષીય વેપાર 1.5 અબજ યુએસ ડોલરથી વધુ છે અને રોકાણ, સ્થાનિક ઉત્પાદન, પ્રક્રિયા તથા મૂલ્યવર્ધન દ્વારા તેના વધુ વિસ્તરણ અંગે વિચારણા કરી હતી. તેમણે પ્રાદેશિક અને વૈશ્વિક વિકાસ પર પણ વિચારોનું આદાન-પ્રદાન કર્યું અને આંતરરાષ્ટ્રીય મંચો પર આફ્રિકન અને વૈશ્વિક દક્ષિણની પ્રાથમિકતાઓને આગળ વધારવા માટે દક્ષિણ-દક્ષિણ સહકાર અને તેમની પ્રતિબદ્ધતાની પુનઃપુષ્ટિ કરી.

5. આ મુલાકાત દરમિયાન, વિદેશ મંત્રીએ 'ઇન્ડિયન ટેકનિકલ એન્ડ ઇકોનોમિક કોઓપરેશન' (આઇટીઈસી) કાર્યક્રમ હેઠળ ભારતમાં તાલીમ અને ક્ષમતા નિર્માણના અભ્યાસક્રમો પૂર્ણ કરનારા આઇવરી કોસ્ટના ભૂતપૂર્વ તાલીમાર્થીઓ સાથે સંવાદ કર્યો. રાષ્ટ્રીય શિક્ષણ, સાક્ષરતા અને તકનીકી શિક્ષણ મંત્રી એન'ગેસાન કોફી પણ વાતચીતમાં જોડાયા હતા, જેમાં ભાગીદારીને મજબૂત બનાવવામાં ક્ષમતા નિર્માણ અને કુશળતા વિકાસની મહત્વપૂર્ણ ભૂમિકા પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો.

6. વિદેશ મંત્રીએ ભારતીય સમુદાયના સભ્યો સાથે પણ વાતચીત કરી અને કોટ ડી'આઇવરીના આર્થિક વિકાસમાં તેમના યોગદાન અને બંને દેશો વચ્ચે મિત્રતા અને લોકોથી લોકોના પરસ્પર સંબંધોને મજબૂત બનાવવા બદલ તેમની પ્રશંસા કરી.

7. આ મુલાકાતે ભારત અને કોટ ડી'આઇવરી વચ્ચેના લાંબા સમયથી ચાલતા અને મૈત્રીપૂર્ણ સંબંધોને નવી ગતિ પ્રદાન કરી અને બંને પક્ષોની પરસ્પર લાભદાયી ભાગીદારીને વિસ્તૃત અને ગાઢ બનાવવા માટે સહિયારી પ્રતિબદ્ધતા પર ભાર મૂક્યો.

ઇથોપિયા

8. મુલાકાત દરમિયાન, વિદેશ મંત્રીએ ઇથોપિયાના ફેડરલ ડેમોક્રેટિક રિપબ્લિકના પ્રધાનમંત્રી ડૉ. અબી અહમદ અલીને મળ્યા અને પ્રધાનમંત્રી મોદી તરફથી હાર્દિક શુભેચ્છાઓ પાઠવી. વિદેશ મંત્રીએ

પ્રધાનમંત્રી અબીને તેમની પુનઃનિવડણી બદલ અભિનંદન પાઠવ્યા અને પરસ્પર લાભ તથા સહિયારી પ્રાથમિકતાઓ પર આધારિત ગાઢ દ્વિપક્ષીય સંબંધોને આગળ વધારવા માટે ભારતની પ્રતિબધ્ધતાનો પુનરોચ્ચાર કર્યો. તેમણે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો વ્યક્તિગત સંદેશ સોંપ્યો. વધુમાં, વિદેશ મંત્રીએ ઇથોપિયાના વિદેશ મંત્રી ડૉ. ગેદિયન ટિમોથિયોસ સાથે વ્યાપક અને ઉત્પાદક ચર્ચાઓ કરી હતી. બંને નેતાઓએ ઇથોપિયા દ્વિપક્ષીય સંબંધોના સમગ્ર ક્ષેત્રની સમીક્ષા કરી અને વેપાર અને રોકાણ, કૃષિ, નવીનીકરણીય ઉર્જા, આરોગ્ય, શિક્ષણ, કૌશલ્ય વિકાસ, સંરક્ષણ, ખાણકામ, કૃત્રિમ બુધ્ધિમત્તા અને ડિજિટલ જાહેર ઇન્ફ્રાસ્ટ્રક્ચર સહિતના ક્ષેત્રોમાં સહયોગને વધુ ગાઢ બનાવવાની તેમની સહિયારી પ્રતિબધ્ધતાની પુનઃપુષ્ટિ કરી. તેમણે પ્રાદેશિક વિકાસ અને પરસ્પર હિતના વૈશ્વિક મુદ્દાઓ પર પણ દ્રષ્ટિકોણનું આદાન-પ્રદાન કર્યું.

9. વિદેશ મંત્રીએ નેશનલ પેલેસ મ્યુઝિયમ, સાયન્સ મ્યુઝિયમ અને ઇથોપિયન આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ ઇન્સ્ટિટ્યૂટની પણ મુલાકાત લીધી હતી. વધુમાં, વિદેશ મંત્રીએ અદવા વિકટરી મ્યુઝિયમની મુલાકાત લીધી, જ્યાં તેમણે અદવા વિકટરી સ્મારક પર પુષ્પાંજલિ અર્પિત કરી. અદવા વિકટરી મ્યુઝિયમમાં, વિદેશ મંત્રીએ વરિષ્ઠ સરકારી અધિકારીઓ, રાજદ્વારી કોર્પ્સના સભ્યો અને શૈક્ષણિક સંસ્થાઓના પ્રેક્ષકોને સંબોધિત કર્યું. તેમના જાહેર ભાષણમાં, વિદેશ મંત્રીએ આફ્રિકા સાથે ભારતની વ્યૂહાત્મક ભાગીદારી પર પ્રકાશ પાડ્યો અને સમકાલીન બહુપક્ષીય સહકારને આકાર આપવામાં વૈશ્વિક દક્ષિણની સામૂહિક ભૂમિકા પર ભાર મૂક્યો.

10. ઇથોપિયા સાથે મજબૂત વિકાસ ભાગીદારીને ધ્યાનમાં રાખીને, વિદેશ મંત્રીએ જાહેરાત કરી હતી કે ભારત ઇથોપિયામાં જયપુર કૃત્રિમ અંગ ફિટમેન્ટ કેમ્પના આગામી સંસ્કરણનું આયોજન કરશે. આ ઇથોપિયાના અફાર પ્રદેશમાં 2024 માં યોજાયેલા સફળ કેમ્પ બાદ કરવામાં આવ્યું છે, જેમાં આશરે 450 લાભાર્થીઓને કૃત્રિમ અંગો પૂરા પાડવામાં આવ્યા હતા. માનવ સંસાધન વિકાસ પ્રત્યે ભારતની પ્રતિબધ્ધતાને મજબૂત બનાવતા, ભારતે ફોરેન્સિક વિજ્ઞાન, મહિલા અને બાળ વિકાસ અને મીડિયા શાસનના ક્ષેત્રમાં ઇથોપિયન અધિકારીઓ માટે વિશેષ તાલીમ અભ્યાસક્રમો ઑફર કર્યા હતા.

11. અદીસ અબાબામાં, વિદેશ મંત્રીએ મિશન કોન્ફરન્સના પ્રાદેશિક વડાઓની પણ અધ્યક્ષતા કરી હતી, જેમાં સમગ્ર આફ્રિકાના ભારતીય રાજદૂતો અને ઉચ્ચાયુક્તોએ આફ્રિકન મહાદ્વીપ સાથે ભારતની ભાગીદારીને વધુ મજબૂત બનાવવા માટેના માળખા પર ચર્ચા કરવા ભાગ લીધો હતો.

12. વિદેશ મંત્રીની ઇથોપિયાની મુલાકાત ફળદાયી રહી હતી અને તેણે ડિસેમ્બર 2025 માં માનનીય પ્રધાનમંત્રી મોદીની ઇથોપિયાની મુલાકાત તથા સપ્ટેમ્બર 2026 માં પ્રધાનમંત્રી અબીની ભારતની તાજેતરની મુલાકાતના આધારે ભારત-ઇથોપિયા વ્યૂહાત્મક ભાગીદારીને નવી ગતિ પૂરી પાડી હતી.

નવી દિલ્હી

11 ઑક્ટોબર, 2026